Permitted to post at Ahd. P.S.O. on Wednesday every week Under Regd No GAMC-1473/2014-2016 issued by SSP, Ahd. Valid

કેન્સર ● કીડની ● કીમોથેરાપી ● ટ્રાન્સપ્લાન્ટ
એચઆઈવી ● ન્યુરો ● લીવર ● ગેસ્ટ્રો ● ગાયનેક-ઈન્ફર્ટિલિટી ●
ઈમરજન્સી ● લાઈફ સેવિંગ ● આઈસીયુ ● રૂમેટોજલોજી ● ઓર્થો ●
બ્લડ પ્રોડક્ટની દવાઓ તથા ઈન્જેક્શન
Wholesale I Retail I Export I Import
(Call & Whatsapp) 9978 661661
www.svhmedint.com
Wholesale Price
100 % Genuine Medicine
We Deal
ONCOLOGY ● CHEMOTHERAPHY
NEPHROLOGY ● TRANSPLANT
VIROLOGY ● HIV ● NEUROLOGY
EMERGENCY ● ICU ● LIFE SAVING
INFERTILITY ● GYNECOLOGY
BLOOD PRODUCTS ● ORTHO
RHEUMATOLOGY ● VACCINES
2°c to 8°c Cold Chain Maintenance
Costly Medicines & Injectables at LOW COST
Fast Delivery
Pan India Delivery
SVH MEDINT
HEALTHCARE MADE EASY
An ISO 9001 : 2015 Certified Company

દર બુધવારે અમદાવાદથી પ્રસિદ્ધ થતું એક માત્ર નીડર સાપ્તાહિક

॥ શ્રી ગણેશાય નમઃ ॥

# મિર્ચી ન્યૂઝ

MIRCHI NEWS
Visit us www.mirchinews.co.in

ભગવતી કોલ ડીપો
જલાઉ કોલસા તથા અર્થીંગ માટે ભૂકી-મીઠુ મળશે
શાકમાર્કેટ કોર્નર, નવા વાડજ, અમદાવાદ-૧૩
ઓગણજ સર્કલ, એસ.પી.રીંગ રોડ, અમદાવાદ
Mo : 98257 52787, 98799 55779

વર્ષ : ૨૧ ● અંક : ૨૪ ● સળંગ અંક : ૧૦૬૨ ● પ્રકાશિત તા-૧૮-૪-૨૦૨૫,શુક્રવાર ● RNI : GUJGUJ/2004/16263 ● GAMC NO. :1473/2014-16 ● કિંમત ૧/-રૂા. ● કુલ પાના : ૪
તંત્રી : ભાર્ગવ સુંદરમ (મો) : 9924004714 ● કાર્યાલય : ડી-૯/૧૦૦, નંદનવન એપાર્ટમેન્ટ, ભાવસાર હોસ્ટેલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩. ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-

## જજ રાષ્ટ્રપતિને આદેશ ન આપી શકે : ઉપરાષ્ટ્રપતિ ધનખડ

નવી દિલ્હી : ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે તાજેતરમાં સુપ્રીમ કોર્ટના આદેશની આકરી ટીકા કરી છે. જેમાં સુપ્રીમ કોર્ટે રાષ્ટ્રપતિને રાજયપાલ દ્વારા વિચારણા માટે મોકલવામાં આવેલા બિલો પર સમયમર્યાદામાં કાર્યવાહી કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. આ અંગે ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે ભારતમાં ક્યારેય આવુ લોકતંત્ર નથી જોયું, જેમાં જજ પોતે કાયદાના ઘડવૈયા, કાર્યપાલક અને "સુપર પાર્લામેન્ટ" તરીકે કામ કરે છે. રાજયસભાના ઈન્ટર્નનાં ગ્રૂપને સંબોધિત કરતાં ધનખડે જણાવ્યું કે, 'તાજેતરના નિર્ણયમાં રાષ્ટ્રપતિને નિર્દેશ આપવામાં આવ્યો છે. આપણે ક્યાં જઈ રહ્યા છીએ? દેશમાં શું થઈ રહ્યું છે? બંધારણીય મર્યાદાઓના ઉલ્લંઘન અંગે ચિંતા વ્યક્ત કરતાં ઉપરાષ્ટ્રપતિએ ઉપસ્થિત તમામ લોકોને રાષ્ટ્રપતિ દ્વારા લેવામાં આવેલા શપથની યાદ અપાવી હતી. અને ભાર મૂક્યો હતો કે રાષ્ટ્રપતિનું પદ સર્વોચ્ચ છે, તે સર્વોપરી છે જ્યારે અન્ય લોકો ફક્ત બંધારણનું પાલન કરવા માટે શપથ લે છે.' ધનખડે બંધારણીય જોગવાઈઓનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, 'આપણે એવી પરિસ્થિતિનું નિર્માણ ન કરીએ, જ્યાં તમે ભારતના રાષ્ટ્રપતિને નિર્દેશ આપો અને એમાં કોઈ આધાર પણ ન હોય. આવા કિસ્સાઓમાં સુપ્રીમ કોર્ટ પાસે એકમાત્ર સત્તા "કલમ ૧૪૫ (૩) હેઠળ બંધારણનું અર્થઘટન કરવાની" છે અને તે પણ પાંચ કે તેથી વધુ ન્યાયાધીશોની બેન્ચ દ્વારા થવુ જોઈએ. સુપ્રીમ કોર્ટે રાષ્ટ્રપતિને રાજયપાલ દ્વારા મોકલવામાં આવતાં બિલની મંજૂરી માટે સમય મર્યાદામાં કામ કરવાનો આદેશ આપતાં ધનખડ રોષે ભરાયા હતાં. તેમણે ટીકા કરતાં કહ્યું કે, આપણી પાસે એવા જજ છે, જે કાયદો બનાવશે, કાર્યપાલિકાની જેમ કામ કરશે, સુપર સંસદની જેમ કામ કરશે. અને તેમની કોઈ જવાબદારી નહીં રહે, કારણકે, દેશનો કાયદો તેમના પર લાગુ થશે નહીં. જસ્ટિસ યશવંત વર્માના ઘરેથી મળી આવેલી રોકડનો મુદ્દો ઉઠાવતા ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે નવી દિલ્હીમાં એક જજના ઘરેથી બેનામી રોકડ મળી આવી, સાત દિવસ સુધી કોઈને તેની ખબર ન પડી. કેસમાં કોઈ ખાસ કાર્યવાહી હાથ ધરાઈ નથી. શું આ વિલંબ સમજી શકાય? શું આ માફી માની લઈએ? શું આનાથી કેટલાક મૂળભૂત પ્રશ્નો ઉભા થતા નથી? ગયા અઠવાડિયે, સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યો હતો કે જ્યારે રાજયપાલ બંધારણની કલમ ૨૦૧ હેઠળ રાષ્ટ્રપતિ પાસે બિલ અનામત રાખે છે, ત્યારે ત્રણ મહિનાની અંદર કાર્યવાહી કરવી આવશ્યક છે. આ સમયમર્યાદા એ નિર્ણયનો એક ભાગ હતી જેમાં તમિલનાડુના રાજયપાલની લાંબા સમયથી નિષ્ક્રિયતા અને રાજયના બિલોને મંજૂરી ન આપવા અંગે કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી હતી. કોર્ટે ભારપૂર્વક જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિ પાસે 'પોકેટ વીટો' નથી અને તેમણે સમયસર વિધાનસભા દ્વારા પસાર કરાયેલા બિલોને મંજૂરી આપવી જોઈએ અથવા નકારી કાઢવી જોઈએ.

## ગુજરાત મહત્વનું, અહીં લડવું આસાન નથી : રાહુલ ગાંધી

મોડાસાઃ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી બે દિવસની ગુજરાત મુલાકાતે છે, ગઈકાલે અમદાવાદ પ્રદેશ કાર્યાલયમાં કાર્યકરો અને નેતાઓ સાથે બેઠક કર્યા બાદ સંગઠનને મજબૂત બનાવવા રણનીતિ બનાવી હતી. હવે આજે અરવલ્લી જિલ્લાના મોડાસામાં કાર્યકરો સાથે સંવાદ કર્યો હતો. આ સંવાદમાં રાહુલ ગાંધીએ ગુજરાતમાં કોંગ્રેસ સંગઠન અને માળખાને નવેસરથી મજબૂત રીતે ઉભુ કરવા પર ભાર મુક્યો હતો. મોડાસામાં રાહુલ ગાંધીએ કહ્યું કે, જિલ્લા સ્તરનું સંગઠન મજબૂત કરવામાં આવશે, તેમને આ કામગીરીમાં જિલ્લા પ્રમુખો અને એમએલએ-એમપી સુધીના નેતાઓના કામ વિશે વાત કરી હતી. ગુજરાત કોંગ્રેસના નવસર્જન માટે રાહુલ ગાંધી આજે ગુજરાતમાં ફરી એકવાર ધામા નાંખ્યા છે, એઆઈસીસી-પ્રદેશ કોંગ્રેસના નિરીક્ષકો સાથે બેઠક કરીને સંગઠનનું નવસર્જન કરવા પર ચર્ચા વિચારણા કરાઈ રહી છે. ખાસ વાત છે કે, છ દિવસમાં રાહુલ ગાંધીની આ બીજીવારની ગુજરાત મુલાકાત છે. આજે ગુજરાત મુલાકાતના બીજા દિવસે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અરવલ્લી જિલ્લાના વડામથક મોડાસામાં પહોંચ્યા હતા, અહીં તેમને કાર્યકરો અને નેતાઓ સાથે બેઠક કરીને સંબોધન કર્યુ હતુ, તેમને પોતાના સંબોધનમાં જણાવ્યું કે, જિલ્લા સ્તરનું સંગઠન મજબૂત કરવામાં આવુશે. જિલ્લા પ્રમુખો સેટિંગબાજ નહીં હોય, એમએલએ-એમપી બની જનારા સંગઠન સાથે જોડાયેલા રહેશે. રેસના ઘોડાઓને જ રેસમાં ઉતારાશે. રાહુલે આ દરમિયાન ગુજરાતને કોંગ્રેસ માટે સૌથી મહત્વનું રાજય ગણાવ્યું હતુ. ગુજરાતમાં કોંગ્રેસ લડશે અને જીતશે. રાહુલે જણાવ્યું કે, ઉપરથી કોઈ નેતાઓના આદેશો નહીં આવે. હવે મનમરજી ઉમેદવારોને નેતાઓના આશીર્વાદથી નહીં ઉભા રખાય. સીનિયર બનીને ફરતા નેતાઓ પર અંકુશ આવશે. જેની પકડ બૂથ સાથે હશે તે જ નેતા હશે. જેઓ જનતાની સમસ્યા ઉઠાવશે તેમને પાવર અપાશે. ગુજરાતમાં કોંગ્રેસ માટે લડવું આસાન કામ નથી. આખા દેશમાં સૌથી વધુ સહન ગુજરાતના કાર્યકરોએ કરવું પડે છે. કોંગ્રેસ માટે લડનારા નેતાઓનો દિલથી આભાર છે. ગુજરાતમાં જ્યાં પણ મારી જરૂર હશે ત્યાં હું હાજર રહીશે. નવી પેઢીને કોંગ્રેસ સાથે જોડવી છે. જનતા માટે લડનારા કાર્યકરોને તક અપાશે.

શું આપ આપના બાળકને
ગુજરાતી માધ્યમમાં ભણાવવાની સાથે
અંગ્રેજી માધ્યમની સમકક્ષ અભ્યાસ કરાવવા માંગો છો...?
શાળાની મુલાકાત લેશો જી....
અક્ષર પ્રાથમિક શાળા
શ્રીનગર સોસાયટી, સ્વામીનારાયણ મંદિર પાછળ, નવા વાડજ, અમદાવાદ.



ADMISSION OPEN
નર્સરીમાં બીજા સત્રમાં એડમીશન માટે ઓફિસનો સંપર્ક કરો

સુરતી ધુપ પુજાપા ભંડાર
લગનનો પુજાપો, છાબ, પીઠી, માણેકસ્તંભ, મોડીયા, લક્ષ્મીપૂજન પુજાપો, તોરણ, સાથીયા, સ્ટીકર
સ્પેશીયલ N.R.I કલેકશન
દિવાળી સ્પેશીયલ સુગંધીદાર અગરબત્તી, ધુપ મળશે
દરેક ભગવાનની મૂર્તિના નેત્ર લગાવી આપવામાં આવશે
દરેક ભગવાનની મૂર્તિને પેઈન્ટીંગ કરી આપવામાં આવશે
● મુગટ ● ગાદી સેટ ● પારણાં ● સિંહાસન ● મોરલી ● કુંડળ
માતાજીનો શણગાર ● ફેન્સી ચુંદડી ● પવિત્રા ● લેટેસ્ટ હાર ● સ્પે. અત્તર
● સુગંધીદાર અગરબત્તી ● ધુપ-ચંત્ર તથા દરેક વીધીના પુજાપા મળશે
દરેક જાતના પુજાપા-ચંત્ર-ધાર્મિક પુસ્તકો મળશે
લક્ષ્મી વિજય હોટલની બાજુમાં, ડો. કિરીટભાઈ પટેલની સામે, સ્વેની કોમ્પલેક્ષની બાજુમાં, નવા વાડજ, અમદાવાદ
M: 9978274760

જાહેરાત માટે સંપર્ક કરો, મો : ૯૯૨૪૦૦૪૭૧૪

### અખબારનગરથી વાસણા માત્ર ૨૦ મિનિટમાં પહોંચાશે, ૧ લાખ વાહનચાલકોને મળશે રાહત

# નારણપુરામાં પલ્લવ બ્રિજની કામગીરી પૂર્ણ, મે માસમાં ખુલ્લો મૂકાય તેવી શક્યતા..!!

અમદાવાદ : અમદાવાદમાં ૧૩૨ ફૂટ રિંગ રોડ પર બે જંક્નશને આવરી લેતો પલ્લવ બ્રિજ લગભગ તૈયાર થઈ ગયો છે. મે મહિનામાં આ બ્રિજ વાહનચાલકો માટે ખુલ્લો મુકાય તેવી શક્યતા છે. હાલમાં બ્રિજની મજબૂતાઈ ચકાસ માટે લોડ ટેસ્ટિંગ ચાલી રહ્યું છે. ૯૩૫ મીટર લાંબો પલ્લવ બ્રિજ તૈયાર થઈ જતાં ૧ લાખથી વધુ વાહનચાલકોએ આ બે જંક્શન પર ટ્રાફિકમાં ઊભા રહેવું નહીં પડે.પલ્લવ બ્રિજ તૈયાર થવાના કારણે ૧ લાખથી વધુ લોકોએ બે જંક્શન પર ઊભા રહેવુ પડશે નહીં અને લીધા ગંતવ્ય સ્થાન સુધી પહોંચી શકશે.



પ્રાપ્ત રિપોર્ટ મુજબ, પલ્લવ બ્રિજ તૈયાર તો થઈ ચૂક્યો છે, પરંતુ હાલમાં બ્રિજની મજબૂતાઈ ચકાસવા માટે લોડ ટેસ્ટિંગ ચાલી રહ્યું છે. ૯૩૫ મીટર લાંબો પલ્લવ બ્રિજની મજબૂતાઈ ચકાસવા ૩૦૦ ટન વજનના ૧૦ ટ્રક લોડ કરી ઊભા રાખવામાં આવ્યા હતા. આ બ્રિજ પર લોડ ટેસ્ટ સ્પાન માટે ૧૦ જેટલી ટ્રક ઉભી રાખવામાં આવી છે. ૨૪ કલાક સુધી આ ટ્રક ઉભી રહેશે જે બાદ બ્રિજની ક્ષમતા તેમજ તેના સ્પાનની ચકાસણી કરાશે. જે ૧૮ એપ્રિલ સુધી ચાલશે. હવે ટેસ્ટિંગનું કામ પૂર્ણ થયા બાદ મેમાં પલ્લવ બ્રિજને શહેરીજનો માટે ખુલ્લો મુકાશે.

૪૦ કરોડના ખર્ચે હાટકેશ્વર બ્રિજ બનાવનારા અજય ઈન્ફ્રાકોનને પલ્લવ ફલાય ઓવરબ્રિજ બનાવવા કામગીરી અપાઈ હતી.પલ્લવ અને પ્રગતિનગર જંકશન ઉપર કુલ ૯૩૫ મીટર ઘાટલોડીયા તરફ અને ૯૩૧ મીટર અંકુર તરફ લંબાઈમાં ફોરલેન સ્પલીટ ફલાય ઓવરબ્રિજ ના સુપર સ્ટ્રકચરની કામગીરી પુરી કરાઈ છે.

તમને જણાવી દઈએ કે પલ્લવ બ્રિજની કામગીરી અજય એન્જિનયરિંગ ઈન્ફ્રાને આપવામાં આવી હતી. પરંતુ હાટકેશ્વરનો માટીપગો બ્રિજ બનાવનારી કંપની વિવાદમાં સપડાતા પલ્લવ બ્રિજનું કામ ૮ મહિના સુધી અટક્યું હતું. હાલમાં અન્ડરસ્પેસ તેમજ બ્રિજના ફિનિશિંગની કામગીરી ચાલી રહી છે. લગભગ ૮ મહિના સુધી આ કામગીરી રોકી અન્ય નવા કોન્ટ્રાક્ટર માટે પ્રયત્નો કરાયા હતા. જોકે બાદમાં ફરીથી અજય ઈન્ફ્રાને જ બાકીની કામગીરી પૂર્ણ કરવા માટે જવાબદારી અપાઈ હતી.

હવે બીજો બ્રિજ અંધજન મંડળ ખાતે બનાવવાનો વિચાર ચાલી રહ્યો છે. અંધજન મંડળ ખાતે બનેલા બ્રિજની ઉપરથી બીજો ડબલડેકર બ્રિજ બનાવવાની દિશામાં વિચારણા હાથ ધરાઈ રહી છે. તે માટે જરૂરી ચકાસણી ચાલી રહી હોવાનું જાણવા મળે છે.

# હવે તો હદ થઈ..!! પોર્ટર એપ દ્વારા બિયરના જથ્થાની હેરાફેરી ઝડપાઈ

### બિયર લેવા આવેલા બે આરોપીની ધરપકડ, એક આરોપી વોન્ટેડ

અમદાવાદ : પોલીસની નજરથી બચવા માર્ટે પોર્ટર એપ્લીકેશનનો ઉપયોગ કરીને પાર્સલોની આડમાં બીયરની હેરાફેરીનો પોલીસે પર્દાફાશ કર્યો છે. એક રિપોર્ટ મુજબ, મેઘાણીનગર પોલીસે બાતમીના આધારે બે આરોપીની ધરપકડ કરી બિયરના ૨૪૦ ટીન ઝડપી પાડયા હતા. મેઘાણીનગર પોલીસે બાતમીના પગલે શિવસાગર સોસાયટી પાસે જાહેર રોડ પર પાર્ક કરેલા વાહનોની આડમાં ઉભા રહીને જોતા એક ટેમ્પો અને ટુવ્હીલર પાસે ઉભેલા ટેમ્પો ચાલક વિજય ઠાકોર ટુવ્હીલરચાલક મેહુલ સરજુભાઈ ઈન્દ્રકર અને નજીક ઉભેલા રોહીત સુધીરભાઈ બજરંગને રાઉન્ડઅપ કરી લીધા હતા. પોલીસે ત્રણેને સાથે રાખીને સ્કુટરના ફૂટરેસ્ટ પર રાખેલા પાર્સલ અઅનો લોડીગ ટેમ્પોમાં પડેલા ચાર પાર્સલ ખોલતા તેમાંથી બીયરના ૧૦ બોકસ મળી આવ્યા હતા. પોલીસે કુલ મળીને ૨૪૦ નંગ બિયરના ટીન કિમત રૂ.૧૮ હજારના કબજે કર્યા હતા. આ અંગે પુછપરછ કરતા વિજય ઠાકોર લોડીગનો માલીક હોઈ પોતે પોર્ટર એપ્લીકેશનમાં જણાવ્યા મુજબ પાર્સીલોની હેરાફેરી કરતો હોઈ તેને પ્રેમદરવાજા પટેલ ટ્રાન્સપોર્ટમાંથી આ પાર્સલ લાવ્યો હોવાનુ જણાવાયું હતું. અને તેને આ પાર્સલ બંગલા એરીયા શિવસાગર સોસાયટી સુધીનું લોકેશન પોર્ટર કંપની દ્વારા મળ્યું હોઈ અહી આવતા ટુ વ્હીલર ચાલક પાર્સલ લેવા માટે આવ્યો હોવાનું જણાવ્યું હતું. ટુવ્હીલર ચાલક મેહુલ ઈન્દ્રકેર તથા તેની સાથેના રોહીત બજરંગે બંને ટુવ્હીલર લઈ ટેમ્પોમાંથી પાર્સલોવાળા બિયરના ટીન લેવા આવ્યા હોવાનું જણાવ્યું હતું. આ બિયરના ટીન વિશાલ ઉર્ફે બાપુ પોપટજી વિહોલએ મોકલી આપ્યાનું જણાવી પોતે તે પાર્સલમાં રહેલો બિયરનો જથ્થો છારાનગરમાં છુટકમાં વેચાણ કરવાનું પોલીસને જણાવ્યું હતું. આ મામલે મેઘાણીનગર પોલીસે મેહુલ અને રોહીતની ધરપકડ કરી છે.

# ૨૯ જૂને ભગવાન જગન્નાથની ૧૪૮મી રથયાત્રા નીકળશે


### ક્યારેક કોઈએ ના કર્યું હોય તેવું હટકે મામેરું અમે કરીશું...મામેરાના યજમાન એવા મનીષભાઈ ત્રિવેદી

અમદાવાદ : આગામી ૨૯ જૂન ૨૦૨૫ના રોજ અષાઢી બીજના દિવસે ભગવાન જગન્નાથની ૧૪૮મી રથયાત્રા અમદાવાદમાં નીકળવાની છે. ત્યારે રથયાત્રાની તૈયારીનો પ્રારંભ થઈ ગયો છે. ત્યારે ચાલુ વર્ષે સરસપુર ખાતે ભગવાનના મોસાળમાં મામેરાના યજમાન તરીકે વાસણા વિસ્તારમાં રહેતા જાગૃતિબેન મનીષભાઈ ત્રિવેદીને લાભ મળ્યો છે. છેલ્લા ૯ વર્ષથી રાહ જોતા હતા તે પળ અમારા ભાગ્યમાં આવી: મનીષ ત્રિવેદી મામેરાના યજમાન એવા મનીષભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતું કે સરસપુર ખાતે દર વર્ષે જે મામેરાનું આયોજન કરવામાં આવતું હોય છે, તેના કરતાં અલગ રીતે જ મામેરાનું આયોજન કરવામાં આવશે. છેલ્લા ૯ વર્ષથી રાહ જોતા હતા તે પળ અમારા ભાગ્યમાં આવી છે. સારામાં સારું મામેરું કરીશું એવી ભાવના છે. અમારા ત્યાં કથા હતી અને રામજીની પોથીમાં અમને સમાચાર મળ્યા કે મામેરાના ડ્રોમાં અમારું નામ ખુલ્યું છે, ત્યારે મારી આંખમાં હર્ષના આંસુ આવી ગયા હતા. ૧ કલાક અમારા આંસુ રોકાયા નહોતા. ત્રિવેદી પરિવારની બહેનો દીકરીઓએ નક્કી કર્યું આ વર્ષે ક્યારેક કોઈએ ના કર્યું હોય તેવું હટકે મામેરું અમે કરીશું. આવતીકાલ ૧૫ એપ્રિલથી મામેરાની તૈયારી શરૂ કરીશું. મારા બે બહેનો છે અને મારી એક બહેનનો ભાણિયો છે. ૯ વર્ષ પહેલા અમે સરસપુર દર્શન કરવા આવ્યા, ત્યારે મામેરુ કરવા અંગેનો અમને ભાવ થયો હતો અને ત્યારબાદ ત્યારે અમે નક્કી કર્યું હતું કે આપણે ભગવાનનું મામેરુ કરવું છે. ત્યારે તેમના ધર્મપત્ની જાગૃતિબેન ત્રિવેદીએ જણાવ્યું હતું કે ભગવાનનું મામેરુ કરવાનો અમને ખૂબ જ હરખ છે. આપણાં ભાણિયોનો પ્રસંગ હોય ને હરખ હોય તો આ તો જગતના નાથનો પ્રસંગ છે. અમે સોના ચાંદીના દાગીના વાઘા અલગ થીમ પ્રમાણેનું મામેરું કરીશું.









# રીડેવલપમેન્ટ : અમદાવાદીઓ માટે વરદાન, ડેવલપર્સ હવે રીડેવલપર્સ બન્યા

MIRCHI NEWS EXCLUSIVE MIRCHI NEWS

## અમદાવાદીઓને જીવનભરમાં એક વાર સ્લમ કે હાઉસિંગ કોલોનીને અલવિદા કહેવાની અને સ્લમ રીડેવલપમેન્ટ અને હાઉસિંગ રીડેવલપમેન્ટ હેઠળ પોતાના સ્વપ્નના ફ્લૅટમાં રહેવાની તક મળી છે...

અમદાવાદ : શહેરની તાસીર હંમેશાં બદલાતી રહે છે. હવે એક બાજુ દિવસે-દિવસે વધુ ને વધુ ઊંચી ઈમારતો તૈયાર થઈ રહી છે અને બીજી બાજુ ઘણી મોટી સંખ્યામાં ઈમારતો જૂની થઈ રહી છે. વળી, સારી નોકરીઓ, બહેતર વ્યવસાયની તકો અને વિશ્વના અન્ય કોઈ પણ શહેર જેવા આધુનિક જીવનની શોધમાં સમગ્ર દેશમાંથી પરિવારોના સતત ધસારાને કારણે રહેણાક જગ્યાની માગ સતત વધતી જાય છે.

અમદાવાદમાં વસ્તી વધતા છેલ્લાં ૪૦ વર્ષોમાં વધુ રહેણાક અને વ્યાપારી બન્ને પ્રકારનાં મકાનોના બાંધકામની માગ વધતી ગઈ છે.

એકબાજુ અમદાવાદ શહેરની મોટાભાગની મિલ્કતો ૩૦ થી ૪૦ વર્ષ જૂની થઈ છે, બીજી બાજુ નવા બાંધકામ માટે નજીકમાં વધુ જમીન બાકી નહીં હોવાથી અને છેલ્લા પાંચ દાયકામાં સતત જૂની થતી જવાને કારણે શહેરના મોટા ભાગોમાં જૂની ઈમારતો જર્જરિત થવા લાગી છે. આવામાં એ જૂનાં બાંધકામ તોડીને તેમને ફરીથી વિકસાવવા સિવાય બીજો કોઈ વિકલ્પ હવે બચ્યો નથી.

આથી અમદાવાદમાં પણ ભારતના અન્ય મોટા શહેરની જેમ રીડેવલપમેન્ટની પ્રક્રિયા શરૂ થઈ ચૂકી છે. સમગ્ર અમદાવાદમાં આ ચલણ છે, જેના માટે સતત સાનુકૂળ સંજોગો આકાર લઈ રહ્યા છે. જગ્યાની સતત માગ સાથે-સાથે આવનાર સમયમાં અમદાવાદ અને ગાંધીનગરમાં કોમનવેલ્થ અને ઓલમ્પિકમાં યજમાની અને વિશ્વનાં શ્રેષ્ઠ શહેરો સાથે સ્પર્ધામાં રહેવાના એના સતત પ્રયાસોથી અમદાવાદ આધુનિકીકરણ તરફ આગળ વધ્યું છે.

સરકાર, બેંકો, સોસાયટીઓ અને બિલ્ડરોએ બધાએ રીડેવલપમેન્ટ માટે હાથ મિલાવ્યા છે. આપણે અમદાવાદમાં અનેક વિસ્તારમાં એક નવો રીડેવલપમેન્ટ પ્રોજેક્ટ જોઈ રહ્યા છીએ. અને સરકાર તરફથી વધુ સવલતોને લીધે રીડેવલપમેન્ટ આગળ વધી રહ્યું છે. બેંકોના ધિરાણ દરે પણ આ પરિવર્તનમાં મદદ કરી છે. એ ઉપરાંત રિયલ એસ્ટેટ રેગ્યુલેશન ઍક્ટે (રેરા) ખૂબ જ જરૂરી ભરોસો આપ્યો છે, જેનો હંમેશાં બાંધકામ હેઠળના પ્રોજેક્ટ માટે અભાવ રહેતો હતો.

'નવું ભારત, આત્મનિર્ભર ભારત' સૂત્રને સમર્થન આપવાની દરેક અમદાવાદીઓની લાગણીને વેગ મળ્યો છે અને આ રીતે રિયલ્ટી સેક્ટરમાં વેચાણમાં તેજી આવી છે. કોવિડ પછીના સમયની વાત કરીએ તો દરેક વ્યક્તિમાં નવી ઊર્જા જોવા મળી છે અને વેચાણ બમણું થઈ ગયું છે. ઘર, ઑફિસ અને વેરહાઉસની વિશાળ માગ ઊભી થઈ છે.જો કે હાલમાં રિયલ્ટી સેક્ટરના વેચાણમાં સામાન્ય ઘટાડો હોવાનું જાણકારો કહી રહ્યા છે, પરંતુ એનાથી રીડેવલપમેન્ટમાં કોઈ ફેર પાડવાનો નથી.

ડેવલપર્સ હવે રીડેવલપર્સ બન્યા છે, જૂનાં જર્જરિત બિલ્ડિંગોને નવો દેખાવ મળવા લાગ્યો છે અને અમદાવાદીઓને જીવનભરમાં એક વાર સ્લમ કે હાઉસિંગ કોલોનીને અલવિદા કહેવાની અને સ્લમ રીડેવલપમેન્ટ અને હાઉસિંગ રીડેવલપમેન્ટ હેઠળ પોતાના સ્વપ્નના ફ્લૅટમાં રહેવાની તક મળી છે. મધ્યમ આવક ધરાવતા પરિવારોને હવે તેમના નાના ઘરની જગ્યાએ મોટું ઘર મળી શકે છે, જેથી પરિવારના તમામ સભ્યોને સારું જીવન મળે.

## 'સૂઓમોટો' કાર્યવાહી

# રજીસ્ટ્રેશન વિના જ બુકિંગ શરૂ કરી દેતા બિલ્ડરો પર 'ગુજરેરા'ની તવાઈ ઉતરશે

અમદાવાદ : ગુજરેરાએ નવા પ્રોજેકટનું રજીસ્ટ્રેશન કરાવ્યા વિના જ બુકીંગ શરૂ કરી દેનારા બિલ્ડર સામે સુઓમોટો કાર્યવાહી શરૂ કરી હતી. રિપોર્ટ મુજબ, ગાંધીનગર ખાતેનાં એક પ્રોજેકટમાં બિલ્ડરે રેરા રજીસ્ટ્રેશન મેળવ્યા વિના જ બુકીંગ શરૂ કરીને ગ્રાહકો પાસેથી એક લાખ રૂપિયા ટોકન પેટે મેળવ્યા હોવાની ગુજરેરાને ફરીયાદ મળી હતી.

જોકે આ કેસમાં બિલ્ડરે ફરીયાદીને નાણાં પરત કરી દેતા તેની ફરિયાદનો નિકાલ કરી દેવામાં આવ્યો હતો.પરંતુ સમગ્ર પ્રકરણમાં સુઓમોટો કાર્યવાહી શરૂ કરી હતી. રેરા કાયદાની કલમ ૩નો ભંગ કરવા બદલ કાર્યવાહી કરવામાં આવી હતી. રજીસ્ટ્રેશન કરાવ્યા વિના જ પ્રોજેકટનો પ્રચાર તથા બુકીંગ કરવા બદલ એકશન શરૂ કરાયા હતા.

બિલ્ડર સામે કલમ ૫૯ હેઠળ પણ કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. સુત્રોના કહેવા પ્રમાણે રજીસ્ટ્રેશન વિના જ બુકીંગ શરૂ કરી દેવાની પ્રવૃતિ વ્યાપક છે. તેના આધારે રેરાની ટીમો હવે ફીલ્ડમાં ઉતરશે.સામાન્ય લોકોની જેમ ઈક્વાયરી કરીને ગેરરીતિ પકડશે. આ માટે દરેક ઝોનવાઈઝ ટીમ બનાવવાની તૈયારી કરવામાં આવી છે.

રજીસ્ટ્રેશન વિના જ બુકીંગ-પ્રચાર શરૂ કરી દેનારા બિલ્ડરો પર તવાઈ ઉતારવામાં આવશે. રેરા કાયદામાં પ્રોજેકટનું રજીસ્ટ્રેશન કરાયા બાદ જ તેનો પ્રચાર શરૂ કરવાની જોગવાઈ છે.સંખ્યાબંધ કિસ્સામાં પ્રચાર સાહિત્યમાં રેરા રજીસ્ટ્રેશન નંબર દર્શાવાતો નથી તેનું રજીસ્ટ્રેશન થયુ ન હોવાની શંકા રહે છે.

ગુજરેરા રીયલ એસ્ટેટ ક્ષેત્રમાં પારદર્શકતા અપનાવવા કટીબદ્ધ છે. ગ્રાહકોનું હિત સર્વોપરી છે. આ માટે હવે ઝોનવાઈઝ ટીમોની રચના કરીને પ્રોજેકટોની રૂબરૂ મુલાકાત સાથે નિયમભંગ કરનારા બિલ્ડરો સામે કાર્યવાહી કરવાનો એકશનપ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. રાજયનાં કોર્પોરેશન ધરાવતા શહેરોથી માંડીને નગરપાલિકા સ્તરના શહેરો સુધી આ કાર્યવાહી કરાશે.

કાયદા-નિયમોનો ભંગ કરવા બદલ બિલ્ડરો પર પ્રોજેકટ ખર્ચનાં ૧૦ ટકાની પેનલ્ટીની જોગવાઈ છે. પ્રચાર સાહિત્યમાં રેરા રજીસ્ટ્રેશન દર્શાવવાનું ફરજીયાત છે.

# દાતાર બાપુના મંદિરનો પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો

**સ્થાનિક આગેવાન ગૌતમભાઈ કાનજીભાઈ પરમાર તરફથી સમાજના ૫૦૦ લોકોનો ભોજન સમારોહ યોજાયો... કુંવારી કન્યાઓને ભેટ સોગાત અપાઈ**





મહેસાણા : મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકામાં આવેલ કંસારાકુઈ ગામે ડો બાબાસાહેબ આંબેડકર જયંતિના શુભ દિને દાતાર બાપુના નવીન મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો હતો.

આ પ્રસંગે વિવિધ ધાર્મિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.દાતાર બાપુના જીર્ણોધાર કરી બનાવાયેલ કલાત્મક નવીન મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ નિમિતે ૫૦૦ જેટલી કુવારી કન્યાઓને ભેટ સોગાત આપવામાં આવી હતી. સ્થાનિક આગેવાન ગૌતમભાઈ કાનજીભાઈ પરમાર તરફથી સમાજના ૫૦૦ લોકોનો ભોજન સમારોહ રાખવામાં આવ્યો હતો.અહીંના લોકો દાતાર બાપુની અસીમ કૃપામાં માને છે.

કંસારાકુઈ ગામના અન્ય અગ્રણી ધીરેન્દ્ર પરમારે જણાવ્યું હતું કે અમારા ગામમાં વર્ષો જૂનું દાતાર બાપુનું નાનું મંદિર હતું. જેમ જેમ વાસમાં રહેતા પરિવાર સુખી સંપન્ન થતો ગયો એમ નવીન મંદિર બનાવવાનો વિચાર આવ્યો હતો.

દાતાર બાપુના નૂતન મંદિર ખાતે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં ભાગ લેવા કંસારાકુઈ ગામ ઉપરાંત અમદાવાદથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ પોતાના વતન ખાતે ઉપસ્થિત રહ્યા હતા.મહોત્સવમાં દાતાઓ સંતોનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

# મરજીથી અમેરિકા છોડનારાઓને ટ્રમ્પની એર ટિકિટ, સ્ટાઈપેન્ડ આપવાની ઓફર

**ગેરકાયદે પ્રવાસીઓ પર નરમ વલણ અપનાવીને એક મહત્વની જાહેરાત**

વોશિંગ્ટન : અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે બીજીવાર શપથ લેતા જ ગેરકાયદે પ્રવાસીઓને અમેરિકામાંથી કાઢી મૂકવા માટે આકરાં નિર્ણયો લીધા છે. જોકે, હવે ટ્રમ્પ ગેરકાયદે પ્રવાસીઓ પર નરમ વલણ અપનાવીને એક મહત્વની જાહેરાત કરી છે. તાજેતરમાં 'અમેરિકા છોડો અભિયાન' અંતર્ગત ગેરકાયદે રહેતા લોકો સ્વેચ્છાએ અમેરિકા છોડશે તો તેમના માટે સરકાર સ્ટાઈપેન્ડ, વિમાન ટિકિટ અને આર્થિક સહાય પણ આપશે. અમેરિકાની સરકાર જલદી જ ગેરકાયદે પ્રવાસીઓને પોતાની મરજીથી અમેરિકા છોડવા માટે પ્રોત્સાહિત કરવાના ભાગરૂપ એક નવી યોજના શરુ કરશે. એક ઈન્ટરવ્યુમાં ટ્રમ્પે કહ્યું કે, તેમની સરકાર સેલ્ફ ડિપોર્ટ માટે તૈયાર લોકોને વિમાન યાત્રાની ટિકિટનો ખર્ચ, સ્ટાઈપેન્ડ અને અન્ય નાણાકીય સહાય આપશે.

Digital India Power To Empower
ડીજીટલ સેવા એક જ સ્થળે...
શ્રી ચામુંડા ઈ-સુવિધા કેન્દ્ર
CSC E-Governance Services India Limited
ડ્રાઈવીંગ લાયસન્સ
ઝેરોક્ષ-કલર ઝેરોક્ષ
સ્માર્ટ કાર્ડ
GST રજીસ્ટ્રેશન
આધાર કાર્ડ
પાન કાર્ડ
જીવન પ્રમાણપત્ર
ટુ વ્હીલર ઈન્સ્યુરન્સ
ઉદ્યોગ આધાર રજીસ્ટ્રેશન
પાસપોર્ટ
લેમીનેશન
ફોર વ્હીલર ઈન્સ્યુરન્સ
ચામુંડા શોપીંગ સેન્ટર, દેવપથ ફ્લેટની સામે, નવા વાડજ, અમદાવાદ.
રેલ્વે/બસ/એર ટીકીટ બુકિંગ
ચુંટણીકાર્ડ
ઈ પ્રિન્ટ
લાઈફ ઈન્સ્યુરન્સ
email : esuvidhakendra17@gmail.com
M : 79903 53430
આયુષ્માન કાર્ડ
બેન્કીંગ સર્વિસ

# અમદાવાદની આ બેંક પર ચાલ્યું RBIનું ચાબુક, લાઈસન્સ રદ, જાણો ગ્રાહકો પર શું પડશે અસર

## દરેક થાપણદાર થાપણના રૂ. ૫ લાખ સુધીના ડિપોઝિટ વીમા દાવાની રકમ મેળવવા માટે હકદાર

નવી દિલ્હી : ભારતીય રિઝર્વ બેંકે બુધવારે અમદાવાદ સ્થિત કલર મર્ચન્ટ્સ કો-ઓપરેટિવ બેંકનું કર્યું છે. RBIએ જણાવ્યું હતું કે, કલર મર્ચન્ટ્સ કો-ઓપરેટિવ બેંક પાસે ન તો પૂરતી મૂડી હતી અને ન તો તેની પાસે કમાણીની કોઈ સંભાવના હતી. આ ઉપરાંત આ બેંક બેંકિંગ રેગ્યુલેશન એક્ટ હેઠળ કેટલાક મહત્વપૂર્ણ નિયમોનું પાલન કરવામાં પણ નિષ્ફળ રહી છે, જેના કારણે આ મોટું પગલું ભરવું પડ્યું. ભારતીય રિઝર્વ બેંકે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ગુજરાત સહકારી મંડળીઓના રજિસ્ટ્રારને પણ બેંક બંધ કરવાનો આદેશ જાહેર કરવા અને બેંક માટે લિક્વિડેટરની નિમણૂક કરવા વિનંતી કરવામાં આવી છે.

RBIએ પણ સ્પષ્ટ કર્યું કે કલર મર્ચન્ટ્સ કો-ઓપરેટિવ બેંકની નાણાકીય સ્થિતિ એટલી બગડી ગઈ છે કે તે તેના થાપણદારોને સંપૂર્ણ ચુકવણી કરવામાં સક્ષમ નથી. જો આવી સ્થિતિમાં બેંક ચાલુ રહેશે તો તે થાપણદારોના હિતની વિરુદ્ધ હશે.RBIએ કહ્યું કે, જો બેંકને તેનો બેંકિંગ વ્યવસાય આગળ ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવશે તો તેની ગ્રાહકો પર પ્રતિકૂળ અસર પડશે. લાઈસન્સ રદ થયા પછી સહકારી બેંક બુધવાર (૧૬ એપ્રિલ, ૨૦૨૫)ના રોજ વ્યવસાયના અંતે બેંકિંગ વ્યવસાય ચાલુ રાખવાનું બંધ કરશે. બેંકિંગ વ્યવસાયમાં અન્ય બાબતોની સાથે રોકડ જમા કરાવવા અને થાપણોની ચુકવણીનો સમાવેશ થાય છે.

આ બેંકનું લાઈસન્સ રદ કરવાનો નિર્ણય ૧૬ એપ્રિલ ૨૦૨૫ ના રોજ બેંકનો વ્યવસાય બંધ થયા પછી અમલમાં આવ્યો. આનો અર્થ એ છે કે બેંકો અત્યારે નવી થાપણો સ્વીકારી શકશે નહીં અથવા કોઈ નવી લોનનું વિતરણ કરી શકશે નહીં.આરબીઆઈએ રજીસ્ટ્રાર ઓફ કો-ઓપરેટિવ સોસાયટી, ગુજરાતને બેંકનું લાઈસન્સ રદ કરવા અને તેની કામગીરી બંધ કરવાનો આદેશ આપ્યો હતો. આ સાથે લિક્વિડેટરની નિમણૂક કરવા પણ કહેવામાં આવ્યું છે.હવે નિયમ મુજબ, દરેક થાપણદાર ફક્ત ડિપોઝિટ ઈન્શ્યોરન્સ એન્ડ લોન ગેરંટી કોર્પોરેશન (DICGC) પાસેથી તેની થાપણના રૂ. ૫ લાખ સુધીના ડિપોઝિટ વીમા દાવાની રકમ મેળવવા માટે હકદાર રહેશે.

લાઈસન્સ રદ થયા પછી, સહકારી બેંક બુધવાર (૧૬ એપ્રિલ, ૨૦૨૫) ના રોજ કામકાજના અંતથી બેંકિંગ વ્યવસાય બંધ કરશે. બેંકિંગ વ્યવસાયમાં, અન્ય બાબતોની સાથે, થાપણો સ્વીકારવી અને થાપણો પરત કરવી શામેલ છે.

# અમદાવાદ મેટ્રો ટ્રેનના મુસાફરો આ વાંચી લેજો, શનિવારે આ રૂટ પર બંધ રહેશે મેટ્રો સર્વિસ

અમદાવાદ : અમદાવાદ-ગાંધીનગરમાં દોડતી મેટ્રો ટ્રેનમાં રોજના હજારો લોકો મુસાફરી કરે છે, ત્યારે ગાંધીનગર રૂટ પર નિરીક્ષણની કામગીરી કરવાની હોવાથી આગામી ૧૯ અપ્રિલે સવારે ૮ વાગ્યાથી બપોરના ૧૨:૩૦ સુધી અમદાવાદ-ગાંધીનગર (મોટેરા સ્ટેડિયમ અને સેક્ટર-૧/ગિફ્ટ સિટી) વચ્ચે મેટ્રો ટ્રેનની સેવા બંધ રહેશે.

ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા પ્રેસનોટ જાહેર કરીને જણાવ્યું હતું કે, તા.૧૯ એપ્રિલના રોજ સવારે ૮ થી બપોરે ૧૨:૩૦ વાગ્યા સુધી ગાંધીનગર રૂટ (મોટેરા સ્ટેડિયમથી સચિવાલય/ગિફ્ટ સિટી) નું નિરીક્ષણ કરશે. જેથી મોટેરા સ્ટેડિયમ અને સેક્ટર-૧/ગિફ્ટ સિટી વચ્ચે મેટ્રો ટ્રેન સેવાઓ એટલા સમય સુધી સ્થગિત રહેશે. ત્યારબાદ, અમદાવાદ અને ગાંધીનગર વચ્ચેની બધી ટ્રેનો હાલના સમયપત્રક મુજબ દોડશે.

જ્યારે બપોરના ૧૨:૩૦ વાગ્યા બાદ અમદાવાદ-ગાંધીનગર મેટ્રો રૂટની તમામ ટ્રેનો હાલના સમય મુજબ કાર્યરત રહેશે. જેમાં ૧૯ એપ્રિલે ગાંધીનગર રૂટ પરની પહેલી ટ્રેન બપોરે ૧૨:૫૮ વાગ્યે સેક્ટરથી મોટેરા સ્ટેડિયમ અને મોટેરા સ્ટેડિયમથી સેક્ટર-૧ની ટ્રેનનો સમય બપોરે ૧૩:૧૨ વાગ્યાનો રહેશે. અમદાવાદમાં ટ્રેન સેવાઓ (વસ્ત્રાલ ગામથી થલતેજ ગામ અને APMC થી મોટેરા સ્ટેડિયમ) રાબેતા મુજબ જ રહેશે.

# અમદાવાદમાં ૧૨ વાગ્યા પછી શૈક્ષણિક કાર્ય બંધ રાખવા સૂચના


અમદાવાદ : ગુજરાતમાં ઉનાળાની કાળઝાળ ગરમીને લઈને અમદાવાદ જિલ્લા શિક્ષણ અધિકારીએ પ્રાથમિક શાળાઓને લઈને આદેશ આપ્યા છે. શહેરની તમામ શાળાઓને બપોરે ૧૨ વાગ્યા પહેલા પ્રાથમિક શાળામાં શૈક્ષણિક કાર્ય પૂર્ણ કરી દેવા અને બપોરના ૧૨ વાગ્યા પછી શૈક્ષણિક કાર્ય બંધ રાખવા અંગે સૂચના આપવામાં આવી છે.

રાજ્યમાં ગરમીનો પારો હાઈ જઈ રહ્યો છે, ત્યારે શાળાના વિદ્યાર્થીઓને આકરી ગરમીમાં સેકાવવાનો વારો ન આવે એટલાં માટે અમદાવાદ જિલ્લા શિક્ષણ અધિકારીએ ૧૨ વાગ્યા સુધી શિક્ષણકાર્ય પૂર્ણ કરવા આદેશ કર્યા છે. અમદાવાદની કોઈ પણ સ્કૂલ બપોરે ૧૨ વાગ્યા બાદ ચાલુ નહીં રાખવા માટે સૂચના આપવામાં આવી છે.સ્કૂલે પોતાનો અભ્યાસ ૧૨ વાગ્યા સુધીમાં પૂરો કરી દેવાનો રહેશે.૧૨ વાગ્યા બાદ કોઈપણ સ્કૂલ ચાલી શકશે નહીં.આ અંગે અગાઉ શિક્ષણ વિભાગ દ્વારા સમગ્ર રાજ્યની સ્કૂલો માટે પરિપત્ર જાહેર કરવામાં આવ્યો હતો.

આગામી દિવસોમાં ઉનાળુ વેકેશન પડશે, આ દરમિયાન શાળાએ ૧૨ વાગ્યા સુધી જ શાળા ચાલુ રાખવી. જ્યારે ૧૨ વાગ્યા પછી શૈક્ષિણક કાર્ય ચાલુ રાખનાર શાળા સામે કાર્યવાહી કરવામાં આવશે.









nted at Shree
lished from D-2
ditor - BHARGA